# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની સફળ રજુઆત... ગુજરાત હાઈકોર્ટ દ્વારા લેન્ડગ્રેબિંગ એકટ યથાવત રાખતા તમામ સ્ટે આપો આપ નિકળી જશે...

ગુજરાત રાજય સરકાર દ્વારા 'ગુજરાત લેન્ડગ્રેબિંગ (પ્રોહિબીશન) એકટ-૨૦૨૦' તે તા. ૦૯ ઓકટોબર ૨૦૨૦ નાં રોજથી અમલમાં લઈ આવવામાં આવેલ છે જેનો મુખ્ય હેતુ ગુજરાત રાજયમાં કયાંય પણ ગેરકાયદેસર રીતે કોઈ જ જમીન, પ્લોટ કે મકાન પર કોઈ વ્યકિત ગેરકાયદેસર કબજો કરે તો તેની સામે સબંધિત કલેકટર કચેરીમાં તે વ્યકિત કે જેની માલિકીની મિલ્કત હોય તે લેન્ડગ્રેબિંગ કાયદાની જોગવાઈ મુજબ ફરિયાદ કરી અને જેથી તેની મિલ્કત પરથી ગેરકાયદેસર કબજો હટાવવા માટે તે કાયદાકીય કાર્યવાહી કરી શકે.

લેન્ડગ્રેબિંગ એકટની જોગવાઈનાં Ultra Wires નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ Special Civil Application No. 2995 of 2021 થી પડકારવામાં આવેલ તે કામનાં પીટીશનર (આરોપીઓને) સામેની કાયદાકીય કાર્યવાહી તા. ૧૮.૦૨.૨૦૨૧ નાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટે કરવામાં આવેલ હતી જેથી કલેકટર તેમજ પોલીસ અધિકારીઓને આગળની કાર્યવાહી કરી શકે નહી. ત્યારબાદ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ગુજરાતનાં અલગ-અલગ જીલ્લાઓમાંથી અનેક પીટીશનરો ધ્વારા તે કાયદાનાં Ultra Wires ચેલેન્જ કરવામાં આવેલ છે જેથી આશરે ૭૦૦ થી વધારે લેન્ડગ્રેબિંગ કાયદા અન્વયેની ફરિયાદ કે અરજી નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટે કરવામાં આવેલ છે. આમ ગુજરાત સરકારે જે શુભ હેતુથી લેન્ડગ્રેબિંગ એકટની જોગવાઈઓ બનાવવામાં આવેલ હોય તેનો લાભ ગુજરાતની જનતાને મળતો ન હતો. તેથી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી તથા કાયદામંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ સમક્ષ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં લાંબા સમયથી સ્ટે થઈને પેન્ડીંગ રહેલ લેન્ડગ્રેબિંગ એકટની પીટીશનનો તાત્કાલીક નિકાલ લાવવા અનેકવાર રૂબરૂ તેમજ લેખિત રજુઆત કરવામાં આવેલ હતી.

આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની રજુઆતને સફળતા મળેલ છે અને ગુજરાત હાઈકોર્ટ દ્વારા લેન્ડગ્રેબીંગ એકટ યથાવત રાખવામાં આવેલ છે જેના પરિણામરૂપે તમામ સ્ટે આપો આપ નિકળી જશે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.